ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૮/૧૮-૧૯/ 4905 તારીખ : 24 OCT 2018

RPAD

કેસ ન. ૧૦૮/૧૮-૧૯.

પ્રતિ,
હસમુખભાઈ મધુભાઈ ચૌહાણ ,
મુ. જીરા, તા. ધારી
જી. અમરેલી
મો :

**વિષય : કપાયેલા ખેતીવાડી વીજ કનેક્શનને ફરી જોડાણ કરી આપવા બાબત.**

સંદર્ભ : આપનો પત્ર તા : ૨૧.૦૮.૧૮. અત્રેની કચેરીને મળ્યા તા. ૧૫.૦૯.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૮/૧૮-૧૯/૪૨૫૭ તા.૨૪.૦૯.૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૮/૧૮-૧૯/૪૪૭૬ તા.૦૩.૧૦.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૨.૧૦.૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી-૨.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ધારી-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૮/૧૮-૧૯** ☜

વાદી :– શ્રી હસમુખભાઈ મધુભાઈ ચૌહાણ

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ**– ૧૨/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી હસમુખભાઈ મધુભાઈ ચૌહાણ (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી હસમુખભાઈ મધુભાઈ ચૌહાણ, મુ. જીરા, તા.ધારી, જી.અમરેલી ની ખેતીવાડી વીજ કનેક્શનને રી-કનેક્શન કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૮/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૦૮/૧૮-૧૯/૪૨૫૭ તા.૨૪.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૨.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી હસમુખભાઈ મધુભાઈ ચૌહાણ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજુઆત મુજબ ગ્રા.નં. ૮૮૧૫૯/૦૦૮૬૫/૧, થી હસમુખભાઈ મધુભાઈ ચૌહાણના નામે ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે. જેનુ માહે ડીસે–૧૭ નું રુા. ૨૨૮૮/– નુ બીલ મારી આર્થીક સ્થિતિ નબળી હોવાથી અને મને પથરીની બિમારી હોવાથી હું ભરી શકેલ નહી તેમાં આ સમય દરમ્યાન હું રાજકોટ હોસ્પીટલમાં દાખલ થયેલ હોવાથી સદર બીલની રકમ હું સમયસર ભરી શકેલ ન હોવાથી મારુ વીજ જોડાણ કાપી નાખવામાં આવેલ હતુ.

..❷..

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ સદર વીજ જોડાણ રી–કનેકશન કરવા માટેની રજુઆત કરતાં ધારી–૨ પેટા વિભાગીય કચેરી ધ્વારા મને સદર વીજ જોડાણ પીડીસી રી–કનેકશન કરવા માટેનુ જણાવેલ અને તે માટેનુ અંદાજીત રૂા. ૧૫૦૦૦/–નુ અંદાજપત્ર ભરપાઈ કરવાનુ રહેશે જે મારી નબળી પરિસ્થિતિને કારણે હું ભરી શકુ તેમ ન હોય, મને મારુ હયાત વીજ જોડાણ રી–કનેકશન ચાર્જ લઈ ચાલુ કરી આપવા અંગેની રજુઆત અરજદાર ધ્વારા કરવામાં આવેલ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદાર ગ્રા.નં. ૮૮૧૫૯/૦૦૮૬૫/૧, થી હસમુખભાઈ મધુભાઈ ચૌહાણના નામે જીરા મુકામે ૧૫ હો.પા.નુ ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ જોડાણમાં છેલ્લે તા. ૧૩–૯–૧૭ નાં રોજ રૂા. ૮૦૦/– અરજદાર ધ્વારા ભરપાઈ કરવામાં આવેલ ત્યારબાદ અરજદાર ધ્વારા વીજ બીલ પેટે કોઈ રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હતી. ત્યારબાદ માહે જાન્યુ–ફેબ્રુ–૧૮ સુધીમાં અરજદારને વીજ બીલ પેટે રૂા. ૩૦૦૨/– લેણાં હોય, જે ભરપાઈ કરવા માટે અરજદારને ધારી–૨ પેટા વિભાગીય કચેરીના પત્ર નં. ૧૬૯૦ તા. ૧૭–૩–૧૮ થી નોટીસ આપવામાં આવેલ. તેમજ અરજદારનુ નામ ડીસ કનેકશન ઓર્ડરમાં આવતાં તા. ૧૯–૩–૧૮ નાં રોજ મીટર સર્વીસ ઉતારી ગેટપાસ નં. ૨૦૫૩૯ તા. ૧૯–૩–૧૮ થી પેટા વિભાગીય કચેરી ખાતે જમાં કરવામાં આવેલ.

૨.૨ આમ છતાં અરજદાર ધ્વારા તેઓના વીજ જોડાણની લેણી રકમ ભરપાઈ કરવામાં ન આવતાં તા. ૨–૪–૧૮ થી સદર વીજ જોડાણ પીડીસી કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર ધ્વારા તા. ૨૦–૮–૧૮ નાં રોજ રૂા. ૧૫૦૨/– બાકી લેણા પેટે ભરપાઈ કરવામાં આવેલ અને હાલમાં સદર વીજ જોડાણ વીજબીલ પેટે રૂા. ૧૫૦૦/– લેણા નીકળે છે.

૨.૩ આમ, સદર અરજદાર ધ્વારા તેઓના ખેતીવાડી વીજ જોડાણનુ વીજ બીલ છેલ્લા ૧૦ માસથી ભરપાઈ કરેલ ન હોય, અને વારંવાર મૌખિક તેમજ રૂબરૂ જાણ કરવા છતાં વીજ બીલ ભરપાઈ કરેલ ન હતુ જેથી અરજદારને નોટીસ આપી તેઓનુ વીજ જોડાણ ડીસ કનેકટેડ કરવામાં આવેલ. ત્યારબાદ પણ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કરવામાં ન આવતાં તા. ૨–૪–૧૮ નાં રોજ પીડીસી કરવામાં આવેલ જેથી કંપનીના નિયમ મુજબ સદર વીજ જોડાણ ચાલુ કરવા માટે પીડીસી રી–કનેકશન યોજના હેઠળ અરજદારને સદર વીજ જોડાણ ચાલુ કરવા માટે જણાવવામાં આવેલ જે આપની નમ્ર જાણ સારું.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી હસમુખભાઈ માધુભાઈ ચૌહાણ ધારી તાલુકાના જીરા ગામ માં ગ્રાહક નંબર ૮૮૧૫૯/૦૦૮૬૫/૧ થી ૧૫ હો.પા. ખેતી વીજ જોડાણ ધરાવતા હતા.

3.૨ વાદી એ તેના વીજ જોડાણ પેટે વીજ બીલની રકમ રૂ. ૮૦૦ /- તા. ૧૩-૦૯-૧૭ ના રોજ ભરપાઈ કરેલ અને ત્યારબાદ વાદી એ તેને મળતા વીજ બીલની કોઈપણ રકમ ભરપાઈ કરેલ નથી.

3.3 જાન્યુ.-ફેબ્રુ.-૨૦૧૮ સુધીમાં પ્રતિવાદીના વીજબીલ પેટે રૂ. ૩૦૦૨ /= લેણા હોય પ્રતિવાદી એ વાદીને પત્ર નંબર ૧૬૯૦ તા. ૧૭-૦૩-૧૮ થી બાકી રકમ ભરપાઈ કરવા માટે નોટીસ આપેલ અને તા. ૧૯-૦૩-૧૮ ના રોજ વાદીના વીજ સ્થાપન પરથી સર્વિસ ઉતારીને વાડીનું વીજ જોડાણ કાપેલ.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪વાદી દ્વારા વીજ બીલની રકમ ન ભરવાથી પ્રતિવાદી દ્વારા તા. ૦૨-૦૪-૧૮ ના રોજ વાદીનું વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ, ત્યારબાદ વાદી દ્વારા તા. ૨૦-૦૮-૧૮ ના રોજ તેની સામે નીકળતી લ્હેણી રકમ રૂ ૩૦૦૨ /= સામે વાદી એ રૂ.૧૫૦૨ /= પહોચ નંબર ૮૫૨૨૮૦ તા. ૨૦-૦૮-૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ છે.

૩.૫ ફોરમ સમક્ષ વાદીએ પ્રતિવાદી ની ધારી-૨ પેટા વિભાગીય કચેરી માંથી મળેલ પત્ર કે જેમાં માફી મેળા તા. ૨૮-૦૮-૧૮ ના શીર્ષક હેઠળ વાળીને રૂ. ૧૫૦૨ /- ભરપાઈ કરી માફી યોજનાનો લાભ લેવા જણાવેલ છે અને તે મુજબ વાદીએ રૂ. ૧૫૨ / - તા. ૨૦-૦૮-૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ છે જેની પહોંચની નકલ ફોરમ ને રજુ કરેલ છે.

૩.૬ વાદીની માફી યોજના હેઠળ લાભ લેવાની ફોરમને રજૂઆત અને પ્રતિવાદી ની ધારી-૨ પેટા વિભાગીય કચેરી નો વાદી ને મળેલ પત્રને ધ્યાન માં રાખતા પ્રતિવાદીને સુચના આપવામાં આવે છે કે " માફી યોજના" હેઠળ વાદીની ફોરમને રજુઆતને ધ્યાનમાં લઇ અને માફી યોજના ના નિયમ મુજબ વાદી ને કરવી પડતી જરૂરી કાર્યવાહી માટે પત્ર લખવો અને માફી યોજનાના નિયમ મુજબ પ્રતિવાદી એ વાદી ના વીજ જોડાણ ચાલુ કરવા નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવી.

- **: હુકમ :**

**વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " આથી તારણ નંબર ૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે.**

સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૧૨/૧૦/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.